# <u>પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે  આણંદ કૃષિ યુનિવર્સિટીનો ટેબ્લો રજુ કરવામાં આવ્યો.</u>

વર્ષ ૨૦૧૭ના પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આણંદ જીલ્લામાં કરવામાં આવી. જે અંતર્ગત  તા. ૨૬/૦૧/૨૦૧૭ ના રોજ શાસ્ત્રી મેદાન વલ્લભ વિધ્યાનગર ખાતે માન. મુખ્યમંત્રીશ્રી અને માન. ગવર્નરશ્રીની હાજરીમાં વિવિધ ટેબ્લોની ઝાંખી કરવામાં આવેલ જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા 'ચોકસાઈપૂર્વકની ખેતી અને મૂલ્યવૃધ્ધિ : બમણી આવકના સચોટ ઉપાય' થીમ ઉપર  ટેબ્લો રજુ કરવામાં આવેલ.

જેમાં ચોકસાઈપૂર્વકની ખેતી માટે જમીનમાં લભ્ય ભેજના આધારે જરૂરી પિયત અને ખાતર ટપક પધ્ધતિ દ્વારા આપવું તેમજ એકમ વિસ્તાર દીઠ છોડની યોગ્ય સંખ્યા જાળવવાની ભલામણ કરવામાં આવી હતી. વધુમાં ચોકસાઈપૂર્વકની ખેતી માટે જમીન ચકાસણીના આધારે ખાતર આપવાની, પ્રવાહિ જૈવિક ખાતર વાપરવાની, પ્રમાણિત બિયારણનો ઉપયોગ કરવાની, પાકને નિંદણ મુક્ત રાખવાની, પાણી અને ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનું જણાવવામાં આવ્યું હતું. જ્યારે સંકલિત રોગ-જીવાત નિયંત્રણ માટે પ્રતિકારક જાતો, બીજને માવજત, ફેરોમેન ટ્રેપ, પ્રકાશ પિંજનનો, બાયોપેસ્ટીસાઈટ, પિંજર પાક, સમયસરની વાવણી, પાક ફેરબદલી, વગેરેને ખેતીમાં અપનાવવા માટે અનુરોધ પણ કરવામાં આવ્યો હતો.

ખેત ઉત્પાદનનું મુલ્યવર્ધન કરવા માટે ખેત ઉત્પાદનનો સંગ્રહ કરી યોગ્ય સમયે યોગ્ય બજારમાં વેચાણ કરવા માટે ભાર મુક્યો હતો જેમાં કૃષિ ઉત્પાદનનું પ્રોસેસીંગ કરવાથી આવક વધી શકે તેમ છે તેવું પણ પ્રદર્શીત કરવામાં આવ્યું હતું. આમ, પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે ટેબ્લોનું પ્રદર્શન કરી આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેતીની આવક બમણી કરવાના ઉપાયોની ઝાંખી કરવામાં આવી હતી.


30
30
AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી
ચોકસાઈપૂર્વકની ખેતી અને મૂલ્યવૃદ્ધિ : બમણી આવકનાં સચોટ ઉપાય


કોલ્ડ સ્ટોરેજ
લેબોરેટરી ટેસ્ટ
EXPORT
NPK
એકમ વિસ્તાર દીઠ છોડની યોગ્ય સંખ્યા જાળ
30
AAU
कृणवन्तो राष्ट्र कृषि संपन्नम्
ચોકસાઈપૂર્વકની ખેતી અને મૂલ્યવૃદ્ધિ : બમણી આવકનાં સચોટ ઉપાય
સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન
રોગ પ્રતિકારક જાતોની પસંદગી કરો
બીજને માવજત આપો
સમયસરની વાવણી કરો
પાકની ફેરબદલી અપનાવો
ફેરોમેન ટ્રેપ અપનાવો
પ્રકાશ પિંજરનો ઉપયોગ કરો
પિંજર પાકનું વાવેતર કરો
જૈવિક નિયંત્રકોનો ઉપયોગ કરો
બર્ડ પર્ચસનો ઉપયોગ કરો
બાયોપેસ્ટીસાઈડનો ઉપયોગ કરો